ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન

# ખનિજ પત્રિકા

ગ્લાસ રો મટીરીયલ્સ વિશેષાંક

એસોસિયેશન સમાચાર



વોલ્યૂમ - ૫

નં. - ૫

ત્રિમાસિક

જાન્યુઆરી-
જૂન, ૨૦૨૧

મૂલ્ય:
રૂ. ૧૦૦/-



GUJMIN INDUSTRY ASSOCIATION
Reg. No. GUJ/15299/AHMEDABAD, UNDER SOCIETY ACT, 1860
2nd Floor, Marble & Mineral Chambers, B/h. D.K. House, Mithakhali, Ahmedabad-380006 (Gujarat).
**Tel.:** 079-26427047 | **E-mail:** gujmin@gmail.com | **Website:** www.gujaratmineral.org
ESTD. 1962



BOROSIL
renewables
Proudly making solar glass in India since 2010
51
Sb
antimony
121.76
WORLD'S
1st
NoSbEra: Antimony-free solar glass
2 MM fully tempered solar glass
Our recent Innovations
Shakti: High-efficiency solar glass in the matt-matt finish
Selene: Anti-glare solar glass for PV installations near airports
500+Wp
Glass for Future Solar Technologies
Large size modules
Anti-reflective and Anti-soiling Coating
Meeting customer expectations with continuous innovation
W: www.borosilrenewables.com • E: sales.lig@borosil.com

## તાંત્રિક સલાહકાર મંડળ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી પી. એન. રાવ | .. | પ્રમુખ |
| ૨. | શ્રી જે. વી. ભટ્ટ | .. | તંત્રી |
| ૩. | શ્રી કે. એન. પટેલ | .. | મેમ્બર |
| ૪. | શ્રી સી. એમ. દ્વિવેદી | .. | મેમ્બર |
| ૫. | શ્રી સુરેશ રાઈઠ્ઠા | .. | મેમ્બર |
| ૬. | ડૉ. ડી. એન. પંચોલી | .. | મેમ્બર |
| ૭. | શ્રી જયમીત સોલંકી | .. | મેમ્બર |



**શ્રી પી. એન. રાવ**
**પ્રમુખ**

**માનદ મંત્રી**
**શ્રી જય જી. શાહ**

**સંયુક્ત માનદમંત્રી**
**શ્રી હર્ષવદન ભાવાની**
**શ્રી આશિષભાઈ જે. પટેલ**

**ઉપપ્રમુખ**
**શ્રી મનોજ સોલંકી**
**શ્રી સી. એમ. દ્વિવેદી**

**ખજાનચી**
**શ્રી જશુભાઈ જી. પટેલ**

## કમિટી સદસ્ય

| | | |
|---|---|---|
| શ્રી કે. એન. પટેલ | ચેરમેન | લીગલ કમિટી |
| શ્રી સી. કે. જોષી | સભ્ય | લીગલ કમિટી |
| શ્રી જી. બી. શાહ | ચેરમેન | ટેક્નિકલ કમિટી |
| શ્રી સી. એમ. દ્વિવેદી | સભ્ય | ટેક્નિકલ કમિટી |
| શ્રી સુનીલ દીક્ષિત | સભ્ય | ટેક્નિકલ કમિટી |
| શ્રી જે. વી. ભટ્ટ | જીઓ-ટેક | એડ્વાઈઝર |
| શ્રી પી. કે. રાયચુરા | ચેરમેન | ફંડ રેઝિંગ કમિટી |
| શ્રી હેમુલભાઈ શાહ | સભ્ય | ફંડ રેઝિંગ કમિટી |
| શ્રી ગૌરાંગ ભટ્ટ | સભ્ય | ફંડ રેઝિંગ કમિટી |

## ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશનનું ત્રિમાસિક પ્રકાશન

સ્થાપના: સને ૧૯૬૨

| વર્ષ | પ્રમુખ | માનદ મંત્રી |
|---|---|---|
| ૧૯૬૩-૭૦ | નટવરલાલ શામળદાસ વોરા | કૃષ્ણપ્રસાદ ઝેડ. પટેલ |
| ૧૯૭૧-૭૨ | પ્રભુદાસ વિઠ્ઠલદાસ માકેચા | દેવેન્દ્રભાઈ ડી. બધેકા |
| ૧૯૭૩ | જશવંતભાઈ યુ. ત્રિવેદી | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૪-૭૫ | જયંતીલાલ ડી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૬ | જયેન્દ્રભાઈ બી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૭-૭૮ | જયેન્દ્રભાઈ બી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૯-૮૦ | ઈન્દુભાઈ એસ. જાની | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૮૧-૮૨ | જયેન્દ્રભાઈ બી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૮૩-૮૫ | ગોવિંદભાઈ બી. શાહ | મધુભાઈ એ. શાહ |
| ૧૯૮૬-૮૭ | જશવંતભાઈ યુ. ત્રિવેદી | મધુભાઈ એ. શાહ |
| ૧૯૮૮-૯૧ | સુરેન સી. ચોક્સી | મધુભાઈ એ. શાહ |
| ૧૯૯૨-૯૭ | જીતેન્દ્રભાઈ ડી. ત્રિવેદી | ગિરીશ આર. પટેલ |
| ૧૯૯૭-૯૯ | ગોવિંદભાઈ બી. શાહ | બિરેન જે. પટેલ |
| ૧૯૯૯-૦૬ | રાવજીભાઈ જે. પટેલ | બિરેન જે. પટેલ |
| ૨૦૦૬-૧૦ | બિરેન જે. પટેલ | જતીન આર. પટેલ |
| ૨૦૧૦-૧૨ | હંસરાજ ડી. પટેલ | જતીન આર. પટેલ |
| ૨૦૧૩-૧૫ | હંસરાજ ડી. પટેલ | સી. એમ. દ્વિવેદી |
| ૨૦૧૬-૧૮ | પી. એન. રાવ | સી. એમ. દ્વિવેદી |
| ૨૦૧૯-૨૦ | પી. એન. રાવ | જય જી. શાહ |

## સંકલિત ખનિજ મંડળ

૧. પોરબંદર ચોક માઈન્સ ઓનર્સ એન્ડ મેન્યુફેક્ચર્સ એસોસિયેશન
૨. કચ્છ ચાઈનાક્લે એસોસિયેશન
૩. કચ્છ માઈન્સ મિનરલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રી એસોસિયેશન
૪. અમદાવાદ સેન્ડ લીઝ હોલ્ડર એસોસિયેશન
૫. ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ સેન્ડ એસોસિયેશન
૬. અંબાજી માર્બલ ક્વોરી એન્ડ ફેક્ટરી એસોસિયેશન
૭. છોટાઉદેપુર માઈન્સ ઓનર્સ એસોસિયેશન
૮. છોટાઉદેપુર ડિસ્ટ્રિક્ટ સેન્ડ એસોસિયેશન
૯. નવસારી ક્વોરી એસોસિયેશન
૧૦. સાઉથ ગુજરાત ઓડ જ્ઞાતિ લીઝ હોલ્ડર્સ એસોસિયેશન
૧૧. ગુજરાત બ્લેક સ્ટોન ક્વોરી એસોસિયેશન
૧૨. સાઉથ ગુજરાત લીઝ હોલ્ડર એસોસિયેશન, સુરત
૧૩. ગુજરાત ગ્રેનાઈટ એસોસિયેશન
૧૪. હાલોલ ક્વોરી એસોસિયેશન
૧૫. ગોધરા ક્વાર્ટઝ એસોસિયેશન

## કોર્પોરેટ સંકુલ:

૧. ડી.સી.ડબ્લ્યુ. લિમિટેડ
૨. ગુજરાત અંબુજા સિમેન્ટ્સ લિમિટેડ
૩. આયર્ન ટ્રાયેન્ગલ લિમિટેડ (બેકબોન એન્ટરપ્રાઇઝ લિમિટેડ)
૪. નિરમા લિમિટેડ
૫. સાંઘી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
૬. આશાપુરા માઈનકેમ લિમિટેડ
૭. અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ
૮. ગુજરાત હેવીકેમિકલ લિમિટેડ
૯. ટાટા કેમિકલ્સ લિમિટેડ
૧૦ કાર્બોરેન્ડમ યુનિવર્સલ લિમિટેડ
૧૧ દાલમિયા રિફરેક્ટરીઝ લિમિટેડ
૧૨. બોમ્બે મિનરલ્સ લિમિટેડ
૧૩. દિગ્વિજય સિમેન્ટ કંપની લિમિટેડ
૧૪. આશાપુરા ચાઈનાક્લે કંપની
૧૫. એચ. ડી. માઈક્રોન્સ લિમિટેડ
૧૬. એચ.ડી. એન્ટરપ્રાઈઝ
૧૭. વિમલ માઈક્રોન્સ લિમિટેડ
૧૮. હાઈબોન્ડ સિમેન્ટ (ઇ) પ્રાઈવેટ લિમિટેડ
૧૯. ૨૦ માઈક્રોન્સ લિમિટેડ
૨૦. ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ
૨૧. આશાપુરા કેલ્સાઈન એન્ડ રિફરેક્ટરીઝ એલ.એલ.પી.
૨૨. વાન બેન્ટ મિનરલ્સ પ્રાઈવેટ લિમિટેડ
૨૩. ઓરિએન્ટ એબ્રેસીવ લિમિટેડ
૨૪. સૌરાષ્ટ્ર કેલ્સાઈન બોકસાઈટ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રી લિમિટેડ
૨૫. સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ
૨૬. આયર્ન ટ્રાયેન્ગલ લિમિટેડ, રાજકોટ
૨૭. એલેમ્બિક ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
૨૮. ડી. આર. અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રાઈવેટ લિમિટેડ

## અનુક્રમણિકા


૦૧ એડ્વર્ટાઈઝમેન્ટ - જી એચ સી એલ લિમિટેડ
૦૨ એડ્વર્ટાઈઝમેન્ટ - બોરોસીલ રીન્યુએબલ લિમિટેડ
૦૫ પ્રમુખસ્થાનેથી
૦૬ તંત્રીસ્થાનેથી
૦૭ Silica Sand Specification for Solar Glass Panel - Shri Santosh Tibdewal & Shri Varun Tilwaria
૦૮ મુખ્ય ખનિજમાંથી ગૌણ ખનિજ તરીકે જાહેર થયેલ સિલીકાસેન્ડ, ચાઈનાક્લે વિ. ખનિજોના પટ્ટેદારો ઉપર આર્થિક ભારણ-સમીક્ષા - શ્રી કે. એન. પટેલ
૧૨ એડ્વર્ટાઈઝમેન્ટ - આશાપુરા ગ્રૂપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
૧૩ ખાણકામ ક્ષેત્રે એન્વાયરમેન્ટ ક્લીયરન્સ (EC) માટે રાજ્ય સરકારની પહેલ-શ્રી આર. બી. ધ્રુવ, સિનિયર ભૂસ્તરશાસ્ત્રી
૧૭ ગ્લાસ મેન્યુફેક્ચરિંગ ઇન્ડસ્ટ્રીઝમાં ડોલોમાઇટ ખનિજની આવશ્યકતા - શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
Central Glass & Ceramic Research Institute
૧૮ Glass Manufacturers in Gujarat
શ્રદ્ધાંજલી સ્વ. શ્રી ચંદ્રેશભાઈ પરીખ
૧૯ Report on Webinar 30.03.2021 Bhavnagar Local Centre (MEAI, Ahmedabad Chapter) - MEA - Ahmedabad Chapter Activity
૨૦ એડ્વર્ટાઈઝમેન્ટ - રઘુવંશી રીફ્રેક્ટરીઝ
૨૧ શ્રદ્ધાંજલીઃ ૧) સ્વ. શ્રી જે. વી. ભટ્ટ, ૨) સ્વ. શ્રી વી. જી. મલકાન
૨૨ એડ્વર્ટાઈઝમેન્ટ - ટાટા કેમિકલ્સ લીમીટેડ
૨૩ એડ્વર્ટાઈઝમેન્ટ - એચડી માઇક્રોન્સ લિમિટેડ
૨૪ એડ્વર્ટાઈઝમેન્ટ - શ્રી રામ મિનરલ્સ



લેખકો દ્વારા દર્શાવાયેલાં અભિપ્રાય-મંતવ્ય 'ખનિજ પત્રિકા'ના પ્રકાશક, તંત્રી અને "ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન"ના નથી. પત્રિકામાં છપાયેલ કોઈ પણ સાહિત્યનું પુનઃ પ્રકાશન અનુમતિ સિવાય કરવું ખાસ વર્જિત છે.



**પત્રવ્યવહારનું સરનામું :**
સંપર્કઃ સેક્રેટરી, ગુજમિન ઈન્ડસ્ટ્રી એસાસિયેશન,
બીજો માળ, માર્બલ એન્ડ મિનરલ ચેમ્બર્સ,
ડી. કે. હાઉસ પાછળ, મીઠાખળી, અમદાવાદ-૩૮૦૦૦૬.
ટેલિ.: ૦૭૯-૨૬૪૨૭૦૪૭ ઈ-મેઈલઃ gujmin@gmail.com



મુદ્રક : પ્રિન્ટ વિઝન પ્રા. લિ., આંબાવાડી, અમદાવાદ. ફોનઃ ૦૭૯-૨૬૪૦૫૨૦૦

# પ્રમુખસ્થાનેથી



**શ્રી પી. એન. રાવ**
**પ્રમુખ**

માનનીય સભ્યશ્રીઓ,

આપ સર્વ સમક્ષ આ **'ખનિજ પત્રિકા'**નો "કાચ ઉદ્યોગના કાચા માલનો વિશેષાંક" રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છું .

ભૌગોલિક દૃષ્ટિએ ભારત અન્ય દેશો જેવા કે દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા, બ્રાઝિલ, ચિલી વગરે જેવા દેશોની જેમ ભૌગોલિક સંભાવના ધરાવે છે. તેમ છતાં સમૃદ્ધ ખનિજ સંભાવના હોવા છતાં દેશના જી.ડી.પી.માં ખાણકામનું યોગદાન ૧.૭૫%ના સ્તરે રહ્યું છે, જ્યારે અન્ય દેશોના તેમના જી.ડી.પી.માં ૭.૫૦%ની રેન્જમાં છે.

ખનિજ સંશોધનની અપૂરતી શોધખોળ અને તેના પરિણામે સમૃદ્ધ ખનિજ સંભાવના હોવા છતાં ઓછા વપરાશના લીધે ભારત મહત્ત્વપૂર્ણ ખનિજોની આયાત પર નિર્ભર છે.

ખનિજ પટ્ટા મેળવવાના બ્લોક નિર્દિષ્ટ આખરી ઉપયોગ માટે અનામત કરી ઈ-ઓક્શન કરવાનો પ્રયાસ સફળ રહેલ નથી, પરંતુ જો આ બાબતે સમીક્ષા કરી ખનિજ આધારિત ઉદ્યોગ સ્થાપી શકાય તેવાં ખનિજોના બ્લોક નિર્દિષ્ટ આખરી ઉપયોગ માટે અનામત તરીકે ટેન્ડર બહાર પાડવામાં આવે તો ખનિજના સંરક્ષણ અને વિકાસની ઉદ્દેશ જળવાશે.

રાજ્યમાં અનધિકૃત ઉત્ખનનની પ્રવૃત્તિના દૂષણને ડામવા ગૌણ ખનિજો માટે ફર્સ્ટ-કમ-ફર્સ્ટની પુરાણી પદ્ધતિમાં બહુમૂલ્ય પેદાશોના ગૌણ ખનિજ આધારિત પ્રોજેક્ટને વેગ આપતી શરતો સાથે ફેરવિચારણા માગે છે. ગૌણ ખનિજોની અરજીઓનો ઝડપી નિકાલ, પ્રવર્તમાન બજારદરને અનુલક્ષીને ડેડ રેન્ટ તથા રોયલ્ટીના દરનો અમલ રાજ્યની મહેસૂલી આવક વધારશે અને અનધિકૃત ઉત્ખનનું દૂષણ ઘટશે.

'આત્મનિર્ભર ભારત' માટે ખાણ મંત્રાલયે ખાનગી ક્ષેત્રની મોટી ભૂમિકા માટે ખાણ ક્ષેત્રે માળખાકીય સુધારા લાવવાનો નિર્ણય લીધો છે તે ખૂબ જ આવકાર્ય છે, જેનાથી રોજગારીની તકો ઊભી થશે. કેપ્ટિવ અને નોન-કેપ્ટિવ ખાણ વચ્ચેનો તફાવત દૂર કરવા ખનિજોની કિંમત નક્કી કરવા અને સ્ટેમ્પ ડ્યૂટીને તર્કસંગત બનાવવા ઉપરાંત ડી.એમ.એફ. અને એન.એમ.ઈ.ટી.ની કામગીરીની સમીક્ષા જરૂરી છે. આ સુધારા ખાણકામના ક્ષેત્રને જીવંત બનાવશે. ખાસ કરીને અંતરિયાળ વિસ્તાર અને આદિજાતિ વિસ્તારોમાં રાજગારીની તકોમાં વધારો થવા પામશે.

આ **'ખનિજ પત્રિકા'**નો 'કાચ ઉદ્યોગના કાચામાલનો વિશેષાંક' પ્રસિદ્ધ કરવામાં એસોસિયેશનના શ્રી જે. વી. ભટ્ટ, ખનિજ સલાહકાર તથા શ્રી કે.એન. પટેલ, ચેરમેન, લીગલ કમિટીના આભારી છીએ.

વધુમાં વર્ષ ૨૦૨૦-૨૧માં સમગ્ર દેશમાં કોરોનાએ કાળો કેર વર્તવ્યો છે. આ સમય ગાળા દરમિયાન આપણા એસોસિયેશનના જીઓ-ટેકનિકલ એડ્વાઇઝર, **'ખનીજ પત્રિકા'**ના માનદ તંત્રી તથા ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતામાં અધિક નિયામક તરીકે સેવાઓ આપેલ તેવા સૌના પ્રિય અને આદરપાત્ર શ્રી જે. વી. ભટ્ટ તથા એસોસિયેશનમાં લાંબા સમય સુધી ટેકનિકલ કમિટીના સભ્ય તથા ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતામાં ચીફ કેમિસ્ટ તરીકે સેવાઓ આપેલ તેવા ખનિજ તજજ્ઞ તથા પથદર્શક શ્રી વી.જી. મલકાનના અચાનક દુઃખદ અવસાનથી ખનિજ ઉદ્યોગ દુઃખ અને આઘાતની લાગણી અનુભવે છે. તેઓશ્રીની ખોટ એસોસિયેશનને હંમેશાં વણપુરાયેલ રહેશે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ આપે તેવી અભ્યર્થના.

આ મહામારીમાં જેમણે પોતાનાં સ્વજનો ગુમાવ્યાં છે તેવા સ્વર્ગસ્થ આત્માઓને ઈશ્વર શાંતિ આપે અને તેમનાં કુટુંબીજનોને આવી પડેલ આપત્તિ સહન કરવાની પરમાત્મા શક્તિ આપે તેવી ઈશ્વરને પ્રાર્થના.

આપ સૌના સહકારની અપેક્ષા સાથે,



## તંત્રીસ્થાનેથી



**શ્રી જે. વી. ભટ્ટ**
(એમ.એસ.સી.)
માનદ તાંત્રિક સલાહકાર – ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન
(મો.) ૯૯૭૯૮૬૬૦૯૭

ભૌગોલિક દષ્ટિએ ગુજરાતના "અંકલેશ્વર", "તાપી બેસિન"માંથી કુદરતી વાયુ તથા તેલ મળતાં ગુજરાતના ઉદ્યોગોએ વિકાસની હરણફાળ ભરી છે.

રાજ્યમાં કાચ ઉદ્યોગ ઘણો વિકસિત થવાનું કારણ કાચામાલની ઉપલબ્ધિ અને ફરનેસ માટેના ઈંધણનો કુદરતી વાયુ છે. દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત જિલ્લામાં મળતો ગેસ અને સિલિકા સેન્ડ અગત્યનાં પરિબળો છે.

સિલિકા સેન્ડની "રાજપારડી લિગ્નાઈટ" ખાણમાં ઓવર બર્ડનમાં ઉપલબ્ધિ તથા તેના શુદ્ધીકરણ દ્વારા ગ્લાસ ગ્રેડ રેતી બનાવવા માટેના "MSE" Sectorના યુનિટોએ કાચ ઉદ્યોગનું ભાગ્ય ઉજ્જવળ કરેલ છે.

છોટાઉદેપુરના "ડોલોમાઈટ" ખનિજમાં રહેલી "મેગ્નિયા" રેડિકલના ટકા કાચની પારદર્શકતામાં ઉપયોગી નિવડતાં રાજ્યના "ડોલોમાઈટ" ખનિજની માગ કાચ ક્ષેત્રે કાર્યરત ચૌદ યુનિટો માટે આશીર્વાદરૂપ છે.

રાજ્યમાં ફ્લોટ, શીટ, ટેબલવેર, બોટલ્સ, લેબોરેટરીવેર, ઓપ્ટિકલ કક્ષાના કાચનું ઉત્પાદન, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાની "મોદી ગાર્ડિયન" ગુજરાત બોરોસિલ, હિંદુસ્તાન ગ્લાસ, ગુજરાત ગોકુળ ગ્લાસ જેવી નામાંકિત કંપનીઓએ સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય બજારો સર કરેલ છે.

કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારે "સોલર એનર્જી" પર વધુ ઝોક આપતાં ઉપરોક્ત કંપનીમાંથી "ગુજરાત બોરોસિલ" કંપનીએ "સોલર ગ્લાસ"નું ઉત્પાદન શરૂ કરેલ છે.

કાચના મુખ્ય ઈનપુટ "સિલિકા સેન્ડ"ના શુદ્ધીકરણ ના યુનિટો કચ્છનાં નાડાપા, મમુઆરા, ડોગલ ગામોમાં ઊભા કરી કાચ ઉદ્યોગની માગ પૂરી કરવામાં આવે છે. સુરેન્દ્રનગર, સાબરકાંઠાના "સેન્ડ સ્ટોન"ની સિલિકા સેન્ડની અશુદ્ધિઓ તથા કણના યુનિફોર્મ સાઈઝ તેમજ કચ્છ જિલ્લાના અંજાર તાલુકાનાં સાપેડા, નાગોર સેન્ડ સ્ટોન પથ્થરમાંથી સસ્તા ભાવે "સિલિકા સેન્ડ" નું શુદ્ધીકરણ "ગ્લાસ ગ્રેડ" બનાવવા માટે હજુ પણ ઊજળું ભાવિ જણાય છે.

રાજ્ય સરકારે સૂચિત "સેન્ડ સ્ટોન"ની "સિલિકા સેન્ડ" શુદ્ધીકરણ માટે "I.B.M.", નાગપુર પ્રયોગશાળાને શુદ્ધીકરણ માટેના જે પ્રયત્ન કરેલ છે તેને વધુ સુદઢ કરી જિલ્લાના ઉદ્યોગકારો સમક્ષ રજૂ કરવાની જરૂરિયાત છે.


સુરેન્દ્રનગર અને સાબરકાંઠા જીલ્લામાં મળી આવતા "સેન્ડ સ્ટોન"માંથી "ગ્લાસ ગ્રેડ" સેન્ડ બનાવવા માટેની ફિઝિબિલિટી સ્ટડી કરાવી ઉદ્યોગકારો સમક્ષ મૂકવી હિતાવહ છે.

વિશેષાંકના લેખોનાં સમીક્ષીકરણ વાચકવૃંદને નવાં પગલાં લેવા પ્રેરિત કરશે.



**BOROSIL RENEWABLES LIMITED**

(Formerly Borosil Glass Works Ltd. in which Gujarat Borosil Ltd. has amalgamated)
CIN : L26100MH1962PLC012538
Works : Ankleshwar Rajpipla Road, Village Govali, Tal. Jhagadia, Dist. Bharuch - 393 001.
Reg. Office : 1101, Crescenzo, G-Block, Opp. MCA Club, Bandra Kurla Complex,
Bandra (East), Mumbai - 400 051.
T : +91 22 6740 6300 | F : +91 22 6740 6514 | Email : brl@borosil.com



**Santosh Tibdewal**
HOD-Raw Material

**Varun Tilwaria**
AGM-Commercial

## "Silica Sand Specification for Solar Glass Panel"

In the midst of pandemic there are many sectors which have performed quite well in the country and have even shown steady growth including Pharmaceutical, FMCG, Ed-tech, Agri products, E-commerce, and Renewable energy. The Solar power industry is one of the most promising sectors in India with private players mainly driving the market.

The Domestic demand is so high that we have to rely heavily on imports. The Glass used in Solar modules is very specific with extra low iron content. In India M/s. Borosil renewables Ltd is the only manufacturer with limited capacities to cater the market demand. The domestic demand is fulfilled by importing the Solar Glass mainly from China. Domestic module manufacturing capacity is expected to grow twice from its present size of 8-10GW within next 2-3 years. This is expected to result in higher glass demand. M/s. Borosil Renewables is all set to increase its production by 2-3 times in near future from the present capacities to support the Green revolution. However, the main challenge would be availability of low iron Minerals including Silica sand which is the main raw material for manufacturing Solar glass. It is known that there are ample reserves in Kutch, Gujarat of good quality Silica sand which has to be further processed to reduce the iron levels using imported modern Technology. At present only, a few players have developed such facilities to process low iron sand. The present market is offering an opportunity to Silica sand producers to enter into strategic partnership with solar glass manufacturers and contribute in the Green Energy production. Under "Aatmanirbhar Bharat" Scheme Government must also provide incentives to such Entrepreneurs, which can generate good revenues and employment.



# મુખ્ય ખનિજમાંથી ગૌણ ખનિજ તરીકે જાહેર થયેલ સિલીકાસેન્ડ, ચાઇનાક્લે વિ. ખનિજોના પટ્ટેદારો ઉપર આર્થિક ભારણ-સમીક્ષા




**શ્રી કે. એન. પટેલ**
M.Sc. (Geology)
Mob.: 94277 10306
e-mail: knpatel27@gmail.com


**પ્રસ્તાવના:**

ખનિજોને મુખ્ય ખનિજો અને ગૌણ ખનિજો તરીકે ઓળખવામાં આવે છે. એમ.એમ.(ડી.આર.) એક્ટ–૧૯૫૭ની કલમ-૩(ઇ) હેઠળ ગૌણ ખનિજોની વ્યાખ્યા કરવામાં આવેલ છે તે મુજબ ગૌણ ખનિજો એટલે બિલ્ડિંગ સ્ટોન, ગ્રાવેલ, સાદી માટી, સાદી રેતી અને અન્ય ખનિજો કે જેને કેન્દ્ર સરકારે જાહેરનામાથી ગૌણ ખનિજો તરીકે જાહેર કરેલ છે. છેલ્લે કેન્દ્ર સરકારશ્રીએ જાહેરનામા નં. એસઓ. ૪૨૩(ઇ), તા.૧૦.૦૨.૨૦૧૫થી ૩૧ ખનિજોને ગૌણ ખનિજો તરીકે જાહેર કરેલ છે. આ ખનિજોના સમાવેશથી કુલ ૫૫ ખનિજો ગૌણ ખનિજો તરીકે વર્ગીકૃત થાય છે અને રાજ્ય સરકારશ્રીના વહીવટી અંકુશ હેઠળ તેનો સમાવેશ થાય છે.

આ ૩૧ ખનિજોને ગૌણ ખનિજો તરીકે વર્ગીકૃત કરવાનો કેન્દ્ર સરકારશ્રીનો આશય રાજ્ય સરકારશ્રીને વધુ સત્તા આપવાનાં અને પરિણામે ખનિજ વિકાસની પ્રક્રિયા ઝડપી બનાવવાનો એટલે કે લઘુતમ સરકાર મહત્તમ શાસનનો ઉદ્દેશ રહેલો છે. આ ખનિજો મુખ્ય ખનિજની કુલ લીઝના ૫૫ ટકા લીઝ અને ૬૦ ટકા કુલ વિસ્તાર ધરાવતા હતા. આ ખનિજોના વહીવટ અને નિયમનનો સંપુર્ણ ભાર તા.૧૦.૦૨.૨૦૧૫થી રાજ્ય સરકારશ્રી હસ્તક આવેલ છે.

આ ૩૧ ખનિજોમાં ગુજરાત રાજ્યમાં મળી આવતા અગેટ, ચોક, ચાઇનાક્લે, કલે અધર્સ, ડોલોમાઇટ, ફાયરક્લે, ફેલ્સપાર, જિપ્સમ, કેઓલીન, લેટેરાઇટ, લાઇમકંકર, રેડ ઓકર, સોપ સ્ટોન, ક્વાર્ટઝ, સેન્ડ (અધર્સ), સિલિકા સેન્ડ વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્યજય સરકારશ્રીએ આ ખનિજોનો સમાવેશ કરી ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો– ૨૦૧૭ તા.૨૪.૦૫.૨૦૧૭ અમલમાં મૂકેલ છે, જેમાં આ ખનિજોની લીઝ મંજૂરીની પ્રક્રિયા માટે ખનીજોને શેડ્યૂલ – ૩, પાર્ટ – બીમાં વર્ગીકૃત કરેલ છે. એક્ટની કલમ –૧૫ હેઠળ ગૌણ ખનિજોના વહીવટ અને નિયમનની સત્તા રાજ્ય સરકારશ્રીની છે. તદાનુસાર રોયલ્ટીના દર પણ રાજ્ય સરકારશ્રીએ નક્કી કરવાના રહે છે. રાજ્ય સરકારશ્રીએ તા.૧૮.૦૬.૨૦૧૬ના જાહેરનામાથી આ ખનિજોના રોયલ્ટી ડેડરેન્ટના દર પ્રથમ વાર નક્કી કરેલ છે.

રાજ્ય સરકારશ્રીએ બે વર્ષ બાદ ગૌણ ખનિજ નિયમોમાં તેનો સમાવેશ કર્યો ત્યારે જાણે-અજાણે પટ્ટેદારો ઉપર અનેક ગણો નાણાકીય બોજો ઉપસ્થિત થયેલ છે, જે સરકારશ્રીની ફેરવિચારણાને પાત્ર છે.

**પટ્ટેદારો ઉપર રોયલ્ટી – ડેડરેન્ટનું વધેલ આર્થિક ભારણ:**

આ ખનિજોની લીઝના વહીવટ અને નિયમન માટે રાજ્ય સરકારશ્રીએ તા.૨૪.૦૫.૨૦૧૭થી ગૌણ ખનિજ નિયમો અમલમાં મૂકેલ છે. આમ, તા.૧૦.૦૨.૨૦૧૫થી તા.૨૩.૦૫.૨૦૧૭ સુધી આ લીઝની મંજૂરી, રિન્યૂઅલ, મુદત વધારા, ટ્રાન્સફર વગેરે બાબતોમાં શૂન્યાવકાશ ઊભો થયેલ.

આ ખનિજો ગૌણ ખનિજોના નિયમોના દાયરામાં તા.૧૦.૦૨.૨૦૧૫થી આવતા રોયલ્ટી, ડેડરેન્ટ, સરફેસ રેન્ટ વગેરેના દર રાજ્ય સરકારશ્રીએ નક્કી કરી તાત્કાલિક જાહેર કરવા જોઇએ, પરંતુ રાજ્ય સરકારશ્રીએ આ ખનિજોના રોયલ્ટી - ડેડરેન્ટના દર તા.૧૮.૦૬.૨૦૧૬થી પ્રથમ વાર નક્કી કરેલ છે. આ સંજોગોમાં આ ખનિજના પટ્ટેદારોએ તા.૧૦.૦૨.૨૦૧૫થી તા.૧૭.૦૬.૨૦૧૬ સુધી કયા દરે રોયલ્ટી-ડેડરેન્ટ ભરવા તે અંગે કોઇ સ્પષ્ટતા સરકારશ્રી કક્ષાએથી થયેલ નથી, પરંતુ પટ્ટેદારો દ્વારા તા.૧૦.૦૨.૨૦૧૫ ની સ્થિતિએ મુખ્ય ખનિજના રોયલ્ટીના દર અમલમાં હતા તે ધોરણે એડ્વાન્સ રોયલ્ટી ભરપાઇ કરી આ ખનિજોનું ઉત્પાદન નિકાસ ચાલુ રાખેલ. ડેડરેન્ટ પણ મુખ્ય ખનિજના ધોરણે ભરપાઇ કરેલ. જેને જિલ્લા કચેરીઓએ પણ માન્ય રાખી

રોયલ્ટી પાસ જનરેટ કરી આપેલ, પરંતુ તાજેતરમાં સિલિકા સેન્ડ, ચાઈના ક્લે વગેરે ખનિજનાં પટ્ટેદારોએ અગાઉ વધારે ભરેલ રોયલ્ટીનું રિફન્ડ માગતાં, તેની ફેરગણતરી કમિશનરશ્રીની કચેરીએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મારફત કરાવતાં તા.૧૦.૦૨.૨૦૧૫ થી તા.૧૭.૦૬.૨૦૧૬ સુધીના સમયગાળા માટે ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો–૨૦૧૦ના તા.૧૦.૦૨.૨૦૧૫ની સ્થિતિએ પ્રવર્તમાન રોયલ્ટી રેટના શેડયૂલ્ડ–૧ના ક્રમ નં. ૧૫માં દર્શાવેલ "એની અધર માઈનોર મિનરલ્સ નોટ મેન્શન્ડ એબોવ" ધોરણે પ્રતિ મે. ટન રૂ. ૩૦/- લેખે ગણતરી કરેલ છે અને ડેડરેન્ટ શેડયૂલ્ડ–૨ ના ક્રમ નં. ૧૫ માં દર્શાવેલ "એની અધર માઈનોર મિનરલ્સ નોટ મેન્શન્ડ એબોવ" ધોરણે પ્રતિ ચો. મીટરે રૂ. ૩/- એટલે કે પ્રતિ હેકટરે રૂ. ૩૦,૦૦૦/- લેખે ગણતરી કરેલ છે. જે ચાઈના ક્લે, વ્હાઈટ ક્લે, ક્લે (અધર્સ), ફાયરક્લે, સિલિકા સેન્ડ વગેરે ખનિજોના પટ્ટેદારો માટે આર્થિક બોજારૂપ છે અને સરકારશ્રીની ફેરવિચારણા માગી લે છે.

ત્યારબાદ પ્રથમ વાર રાજ્ય સરકારશ્રીએ તા.૧૮.૦૬.૨૦૧૬ થી અમલમાં આવે તે રીતે આ ખનિજોના રોયલ્ટી / ડેડરેન્ટના દર નક્કી કરેલ છે, જે પણ ઘણા વધારે છે. કેન્દ્ર સરકારશ્રીના મુખ્ય ખનિજોનાં રોયલ્ટીના દર તા.૧૦.૦૨.૨૦૧૫ની સ્થિતિએ પ્રવર્તમાન હતા તે તા.૦૧.૦૯.૨૦૧૪નું જાહેરનામું મુખ્ય ખનિજો માટે હાલમાં પણ ચાલુમાં છે. આ ખનિજોના મુખ્ય ખનિજ તરીકેના રોયલ્ટીના દર અને ગૌણ ખનિજ તરીકેના રોયલ્ટીના દર તથા રોયલ્ટી વધારાની ટકાવારી નીચે મુજબ છેઃ

**રોયલ્ટી :** **પ્રતિ મેટ્રિક ટન રૂ. માં**

| અ.નં. | ખનિજનું નામ | મુખ્ય ખનિજ તરીકે રોયલ્ટી (તા.૧૦.૦૨.૨૦૧૫ની સ્થિતિએ) | ગૌણ ખનિજ તરીકે રોયલ્ટી (તા.૧૮.૦૬.૨૦૧૬ના નોટિફિકેશન મુજબ) | રોયલ્ટી વધારાની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧. | અગેટ | રૂ. ૬૦/- (વેચાણ કિંમત રૂ. ૫૦૦ ના ૧૨ ટકા) | ૧૦૦ | ૬૬.૬૭ % |
| ૨. | બોલ ક્લે | રૂ. ૩૪ (વેચાણ કિંમત રૂ. ૪૨૫ના ૮ ટકા ક્રુડ) | ૬૦ | ૭૬.૪૭ % |
| ૩. | ચાઈના ક્લે / વ્હાઈટ ક્લે / કેઓલીન | રૂ. ૧૬ (વેચાણ કિંમત રૂ. ૨૦૦ના ૮ ટકા (ક્રુડ) | ૪૫ (ક્રૂડ) | ૧૮૧.૨૫ % |
| ૪. | કેલ્સાઈટ | રૂ. ૫૬.૭૦ (વેચાણ કિંમત રૂ. ૩૭૮ના ૧૫ ટકા) | ૬૦ | ૫.૮૨ % |
| ૫. | ચોક | રૂ. ૬૧.૯૨/- (વેચાણ કિંમત રૂ.૫૧૬ ના ૧૨ ટકા) | ૯૫ | ૫૩.૪૨ % |
| ૬. | ક્લે (અધર્સ) / લીથોર્મેજિક ક્લે/પોઝોલેનીક ક્લે/નેચરલ ક્લે/ડાયાટોમેશીયર ક્લે | રૂ. ૧૯.૨/- (વેચાણ કિંમત રૂ. ૧૬૦/- ના ૧૨ ટકા) | ૪૫ | ૧૩૪.૩૭ % |
| ૭. | ડોલોમાઈટ | ૭૫ | ૭૫ | ૦ % |
| ૮. | ફેલ્સપાર | રૂ. ૩૬.૬૦ (વેચાણ કિંમત રૂ. ૨૪૪ના ૧૫ ટકા) | ૪૦ | ૯.૨૮ % |
| ૯. | ફાયર ક્લે | રૂ. ૮.૪૦ (વેચાણ કિંમત રૂ. ૭૦ના ૧૨ ટકા) | ૪૫ | ૪૩૫.૭૧ % |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦. | જિપ્સમ | રૂ. ૬૩.૮૪ (વેચાણ કિંમત રૂ. ૫૩૨ના ૧૨ ટકા) | ૪૫ | -૨૯.૫૧ % |
| ૧૧. | લેટેરાઈટ | રૂ. ૪૨.૫૦/- (નોન-મેટલર્જિકલ ગ્રેડ માટે રૂ. ૧૭૦/- વેચાણ કિંમતના ૨૫ ટકા) | ૭૦ | ૬૪.૭૦ % |
| ૧૨. | ઓકર | ૨૪ | ૪૫ | ૮૭.૫૦ % |
| ૧૩. | ક્વાર્ટઝ | રૂ. ૨૭.૭૫/- (વેચાણ કિંમત રૂ. ૧૮૫/-ના ૧૫ ટકા) | ૬૦ | ૧૧૬.૨૧ % |
| ૧૪. | સેન્ડ (અધર્સ) / મોલ્ડિંગ સેન્ડ | ૨૦ | ૪૫ | ૧૨૫ % |
| ૧૫. | સિલિકા સેન્ડ | રૂ. ૧૬.૧૦/- (વેચાણ કિંમત રૂ. ૧૬૧/- ના ૧૦ ટકા) | ૪૫ | ૧૭૯.૫૦ % |
| ૧૬. | સોપ સ્ટોન | રૂ. ૭૨.૫૪ (વેચાણ કિંમત રૂ. ૪૦૩/- ના ૧૮ ટકા) | ૪૫ | -૩૭.૯૬ % |

**ડેડરેન્ટ :**

આ ખનિજોના મુખ્ય ખનિજ તરીકેના ડેડરેન્ટના દર અને ગૌણ ખનિજ તરીકેના ડેડરેન્ટના દર નો તફાવત નીચે મુજબ છેઃ

| અ.નં. | ખનિજનું નામ | મુખ્ય ખનિજ તરીકે ડેડરેન્ટ | ગૌણ ખનિજ તરીકે ડેડરેન્ટ | ડેડરેન્ટ વધારાની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧. | ઉપર મુજબનાં તમામ ખનિજો | બીજો વર્ષે રૂ. ૪૦૦/- પ્રતિ હેક્ટર. ત્રીજા અને ચોથા વર્ષે રૂ.૧,૦૦૦/- પ્રતિ હેક્ટર પાંચમાં વર્ષ અને ત્યારબાદ રૂ. ૨,૦૦૦/- પ્રતિ હેક્ટર (અગેટ ખનિજની લીઝોમાં ઉપરોક્ત દરના ત્રણ ગણા) | ૩૦,૦૦૦/- પ્રતિ હેક્ટર | ૭૪૦૦ % બીજા વર્ષ માટે ૨૯૦૦% ત્રીજા અને ચોથા વર્ષ માટે ૧૪૦૦% પાંચમા વર્ષથી |

**સરફેસ રેન્ટઃ**

આ ખનિજોની લીઝમાં મુખ્ય ખનિજ તરીકે વાર્ષિક સરફેસ રેન્ટ વપરાશ હેઠળના લીઝ વિસ્તાર એટલે કે ખોદકામ, ઓફિસ, રોડ-રસ્તા, મજૂરોનાં ઝૂંપડાં વગેરે વિસ્તાર માટે બિનખેતીના દરે (પ્રતિહેક્ટર રૂ.૧૦૦૦/-) અને બાકીના લીઝ વિસ્તારમાં ખેતી આકારે (આશરે પ્રતિહેક્ટર રૂ.૫/-) લેખે વસૂલવાના રહેતા હતા જ્યારે આ ખનિજોની લીઝમાં ગૌણ ખનિજ તરીકે તમામ વિસ્તાર માટે બિનખેતીના દરે એટલે કે પ્રતિ હેક્ટરે રૂ. ૧૦૦૦/- લેખે વસૂલાત કરવાની જોગવાઈ છે. આમ, આ ખનિજોની લીઝના વાર્ષિક સરફેસ રેન્ટમાં પણ વધારો થયેલ છે.

**સરકારશ્રીની વિચારણા માગી લેતી બાબતો :**

૧. ૩૧ ખનિજો ગૌણ ખનિજો તરીકે તા. ૧૦.૦૨.૨૦૧૫થી જાહેર થઇ રાજ્ય સરકાર હસ્તક ગૌણ ખનિજના દાયરામાં આવેલ, પરંતુ રાજ્ય સરકારે રોયલ્ટી-ડેડરેન્ટના દર તા.૧૮.૦૬.૨૦૧૬થી પ્રથમવાર નક્કી કરેલ, જેથી વચગાળાના સમયગાળા દરમિયાન સરકારશ્રીએ આ બાબતે કોઇ સૂચનાઓ બહાર પાડેલ નથી તેમજ પટ્ટેદારોએ મુખ્ય ખનિજના ધોરણે ભરપાઇ કરેલ છે તેને માન્ય રાખેલ છે, જેથી કુદરતી ન્યાયના સિદ્ધાંતની દષ્ટિએ વચગાળાના સમય દરમિયાન મુખ્ય ખનિજના તા.૦૧.૦૯.૨૦૧૪ના

નોટિફિકેશન અનુસાર રોયલ્ટી ડેડરેન્ટની ગણતરી માન્ય રાખવી જોઇએ અને તેની સ્પષ્ટ સૂચનાઓ સરકારશ્રી કક્ષાએથી બહાર પાડવી જરૂરી છે.

૨. કમિશનરશ્રીની કચેરીએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને વચગાળાના સમયની રોયલ્ટી ડેડરેન્ટની ગણતરી માટે ગૌણ ખનિજના રોયલ્ટી ડેડરેન્ટના શેડયૂલમાં “અધર્સ માઇનોર મિનરલ્સ નોટ મેન્શન્ડ એબોવ”ના ધોરણે રોયલ્ટી પ્રતિ મે.ટન રૂ. ૩૦/- અને ડેડરેન્ટ પ્રતિ ચો.મીટર રૂ.૩/- લેખે ગણતરી કરેલ છે, જેના માટે કોઇ કાયદાકીય આધાર નથી. આ માપદંડથી સિલિકા સેન્ડ, ચાઇના ક્લે જેવા ખનિજોમાં પટ્ટેદારોને મોટું નુકસાન થાય છે જ્યારે અગેટ, બોલ ક્લે, કેલ્સાઇટ, ચોક, ડોલોમાઇટ, જિપ્સમ, લેટેરાઇટ, સોપ સ્ટોન વગેરે ખનિજોમાં સરકારશ્રીએ રિફન્ડ આપવાની સ્થિતિ ઊભી થાય તેમ છે, જેથી વચગાળાના સમય માટે સરકારશ્રી કક્ષાએથી કોઇ જાહેરનામાની ગેરહાજરીમાં, પટ્ટેદારોએ ભરપાઇ કરેલ અને જિલ્લા કચેરીઓએ માન્ય રાખેલ મુખ્ય ખનિજના ધોરણે રોયલ્ટીની ગણતરી માન્ય રાખવી જોઇએ.

૩. જે રાજ્ય સરકારશ્રી દ્વારા આ ૩૧ ખનિજોના માઇનિંગ પ્લાન મંજૂર કરવાનું માળખું ગોઠવાયેલ ન હતુ ત્યાં સુધી ૨૦૧૯ સુધી આઇ.બી.એમ. દ્વારા માઇનિંગ પ્લાન મંજૂર કરવા કેન્દ્ર સરકારે વ્યવસ્થા કરેલ. તે ધોરણે આ ગૌણ ખનિજોના રોયલ્ટી ડેડરેન્ટના દર રાજ્ય સરકારશ્રી દ્વારા નક્કી ન થયેલ ત્યાં સુધી અગાઉના ધોરણે તેની ગણતરી થવી જોઇએ નહીં કે મુદ્દા- ૨માં દર્શાવેલ અસંગત પદ્ધતિએ.

૪. “એની અધર માઇનોર મિનરલ નોટ મેન્શન એબોવ” ની કોલમ એવા મિનરલ્સ માટે છે કે જે મિનરલના નામની સ્પષ્ટતા થઇ શકતી ન હોય તેમજ એમ.એમ.ડી.આર. એક્ટની કલમ – ૩ (ઇ) માં પણ સ્પષ્ટતા થતી ન હોય તેવા ખનિજો માટે છે, જ્યારે જે મુખ્ય ખનિજો ગૌણ ખનિજો તરીકે જાહેર થયેલ છે તે ખનિજોનાં નામ સ્પષ્ટ છે, જેની રોયલ્ટી/ડેડરેન્ટ નક્કી કરવામાં કોઇ અસ્પષ્ટતા રહેતી નથી. રાજ્ય સરકારશ્રી દ્વારા ગૌણ ખનિજ તરીકે રોયલ્ટી/ડેડરેન્ટના દર નક્કી કરવામાં થયેલ વિલંબના કારણે પટ્ટેદારશ્રીને દંડવા જોઇએ નહીં.

૫. આ ખનિજોની ગૌણ ખનિજો તરીકે પ્રથમ વાર રોયલ્ટી /ડેડરેન્ટ રાજ્ય સરકારશ્રીએ તા.૧૮.૦૬.૨૦૧૬થી નક્કી કરી જાહેરનામું બહાર પાડેલ છે. તેને તા.૧૦.૦૨.૨૦૧૫ની પશ્ચાત્ અસરથી લાગુ પાડી શકાય નહીં. વચગાળાના સમયગાળા તા.૧૦.૦૨.૨૦૧૫થી તા.૧૭.૦૬.૨૦૧૬ માટે નવેસરથી પણ જાહેરનામું બહાર પાડી શકાય નહીં. આ સંજોગોમાં તા.૧૦.૦૨.૨૦૧૫ની સ્થિતિએ મુખ્ય ખનિજ તરીકેના દરે રોયલ્ટી/ડેડરેન્ટની ગણતરી એકમાત્ર વ્યવહારું ઉપાય છે, જે માટે સરકારશ્રીએ સૂચનાઓ બહાર પાડવી જોઇએ.

૬. આ ૩૧ મુખ્ય ખનિજો તા.૧૦.૦૨.૨૦૧૫થી ગૌણ ખનિજ તરીકે જાહેર થયેલ તે સમયે કેન્દ્ર સરકારશ્રી દ્વારા તા.૦૧.૦૯.૨૦૧૪થી નક્કી થયેલ રોયલ્ટી/ડેડરેન્ટના દર અસ્તિત્વમાં હતા. જ્યારે રાજ્ય સરકારશ્રીએ આ ખનિજોના ગૌણ ખનિજ તરીકેના રોયલ્ટી/ડેડરેન્ટના દર તા.૧૮.૦૬.૨૦૧૬થી નક્કી કરેલ છે. એમ.એમ.ડી.આર. એક્ટની મુખ્ય તથા ગૌણ ખનિજોના રોયલ્ટી/ડેડરેન્ટના દર નકકી કરવાની જોગવાઇઓ અનુસાર ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન રોયલ્ટી/ડેડરેન્ટના દરમાં વધારો થઇ શકતો નથી. અત્રે બે નોટિફિકેશનનો સમયગાળો બે વર્ષ કરતાં પણ ઓછો છે અને રોયલ્ટીનો વધારો ૪૩૫ ટકા સુધીનો અને ડેડરેન્ટનો વધારો ૭૪૦૦ ટકા સુધીનો છે, જે પટ્ટેદારો ઉપર અસહ્ય બોજારૂપ છે. જે સરકારશ્રીની ફેરવિચારણાને પાત્ર છે, રોયલ્ટી – ડેડરેન્ટમાં ઘટાડા માટે ખનિજ કાયદા/નિયમો હેઠળ સમયગાળાનો કોઇ બાધ રહેતો નથી.

સરકારશ્રી કક્ષાએથી વચગાળાના સમયગાળા તા.૧૦.૦૨.૨૦૧૫થી તા.૧૭.૦૬.૨૦૧૬ માટે મુખ્ય ખનિજોના ધોરણે રોયલ્ટી/ડેડરેન્ટની ગણતરી કરવાની સૂચના અપાઇ જવા તથા તા.૧૮.૦૬.૨૦૧૬ના નોટિફિકેશનથી રોયલ્ટી/ડેડરેન્ટમાં અસહ્ય વધારો કરેલ છે તે અન્વયે ફેરવિચારણા કરી ઘટાડો કરતા હુકમો કરવા, રાજ્યના આ ખનિજોના પટેદારોની માગ છે.






## About Ashapura Group

With a legacy of more than 60 years, Ashapura is a leading multi-mineral solutions provider with a global footprint, having a wide network of operations in several states within India and in 7 other countries.

We at Ashapura provide a wide range of solutions that touch billions of lives, every moment, every day! From soaps to steel, energy to edible oils, metal to medicine and from cement to ceramics, we have vicariously become an integral part of your life by offering intermediate mineral solutions, ores and additives to several industries.

Our captive mineral resources, state-of-the-art manufacturing base, cutting edge research capabilities, logistical prowess and 2,400 dynamic, progressive, result oriented employees accord us global leadership in several segments.

Ashapura means "Fulfilling Aspirations"; we believe that sustainable growth occurs only when we fulfill aspirations of all our stakeholders such as customers, employees, shareholders, the environment and the society at large.

*Domain Leadership*


- World's 3rd largest producer of Bentonite
- World's 3rd largest Bleaching Clay producer
- India's largest producer of refractory materials
- India's largest producer of proppants



Ashapura Group of Industries
278, Jeeven Udyog Building, Dr D. N. Road, Fort, Mumbai - 400 001, India
Tel - +91-22-6665 1700
info@ashapura.com    www.ashapura.com

ASHAPURA
Group of Industries

# ખાણકામ ક્ષેત્રે એન્વાયરન્મેન્ટ કલીયરન્સ (EC) માટે રાજ્ય સરકારની પહેલ



શ્રી આર. બી. ધ્રુવ, M.Sc. (Geology) સિનિયર ભૂસ્તરશાસ્ત્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરશ્રીની કચેરી, ગુજરાત સરકાર, ગાંધીનગર. તેઓ ખનિજ સંશોધન, ખાણકામ અને ખનિજ વહીવટના ક્ષેત્રમાં ૨૫ વર્ષનો અનુભવ ધરાવે છે. તેઓ રાજ્ય સરકારની ખાણકામ ક્ષેત્રને લગતી નીતિ બાબતે લિઝધારકો અને ખનીજ આધારિત ઉદ્યોગોને વિવિધ સેમિનાર કરી કેળવે છે તેમજ નવા ઉદ્યોગસાહસિકોને ખાણકામ ક્ષેત્રે રોકાણની ઉજ્જવળ તક બાબતે પ્રોત્સાહિત કરે છે.

E-mail : geo-ec-cgm@gujarat.gov.in

M. : ૯૮૭૯૫ ૬૦૭૯૦

- **પર્યાવરણીય મંજૂરી (E.C.) ની જોગવાઈ :**

નામ. નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલ **(Hon'ble NGT)**ના ચુકાદા તથા ભારત સરકારના Ministry of Environment, Forest and Climate Change **(MoEF & CC)**ના **EIA Notification-2006** મુજબ ખનિજોની ખાણકામ પ્રવૃત્તિ પૂર્વે પર્યાવરણીય મંજૂરી મેળવવી આવશ્યક અને ફરજિયાત છે.

- **ઈ-હરાજીથી લીઝની ફાળવણી :**

નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદા અન્વયે વ્યાજબી, સ્પર્ધાત્મક, પારદર્શક અને નિષ્પક્ષ રીતે ખનિજ સંપત્તિના વિકાસ માટે તેમજ ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો-૨૦૧૭ અન્વયે ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનરશ્રીની કચેરી, ગુજરાત સરકાર દ્વારા ઈ-હરાજીથી છેલ્લાં ત્રણ વર્ષમાં ગૌણ ખનિજના ૯૦૦ જેટલા બ્લોકની હરાજી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.

- **પર્યાવરણીય મંજૂરી (E.C.) મેળવવા માટેની સત્તાઓ:**

ભારત સરકારના Ministry of Environment, Forest and Climate Change **(MoEF & CC)**ના તા. ૧૪-૦૯-૨૦૦૬ના નોટિફિકેશનના પેરા-૪ મુજબ તમામ પ્રોજેક્ટ કે જેમાં ખાણકામ શરૂ કરતાં પૂર્વે ઈ.સી. મેળવવું ફરજિયાત છે.

- જેમાં કુલ ૦૨ (બે) કેટેગરી રાખવામાં આવેલ છે: **A** કેટેગરી તથા **B** કેટેગરી.
  **A** કેટેગરીમાં સમાવિષ્ટ લીઝ માટે કેન્દ્ર સરકાર **(EAC & MoEF & CC)** પાસેથી ઈ.સી. મેળવવાનું રહે છે.
  **B** કેટેગરીમાં (**B1** અને **B2**) સમાવિષ્ટ લીઝ માટે રાજ્ય કક્ષાની **State Environment Impact Assessment Authority (SEIAA)** પાસે થી ઈ.સી. મેળવવાનું રહે છે.

| કેટેગરી | શ્રેણીઓ | EC મંજૂરી માટેની સત્તાઓ |
|---|---|---|
| **A** | વ્યક્તિગત લીઝ ૧૦૦ હેકટરથી વધારે અને કલસ્ટરના કિસ્સામાં વ્યક્તિગત લીઝ વિસ્તાર ૧૦૦ હેકટરથી વધારે. | **EAC & MoEF & CC** |
| **B-1** | - વ્યક્તિગત લીઝ: ૦૫ હેક્ટરથી ૧૦૦ હેક્ટર<br>- કલસ્ટ ર: ૦૫ હેકટરથી વધારે (કોઈ પણ વિસ્તાર) અને વ્યક્તિગત લીઝનો વિસ્તાર ≤ ૧૦૦ હેકટર. | **SEIAA** |
| **B-2** | વ્યક્તિગત લીઝ: ૦-૫ હેક્ટર<br>કલસ્ટર: ≤ ૫ હેક્ટર. | **SEIAA** |


- **ગુજરાત રાજ્યના દરેક જિલ્લાઓની લીઝનું ડિજિટાઈઝેશનઃ**

નામદાર નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલ, ન્યૂ દિલ્હીના તા. ૧૩/૦૯/૨૦૧૮ના હુકમથી જિલ્લા કક્ષાની Environment clearance (E.C.) મંજૂર કરવા માટેની DEIAA અને DEAC રદ કરવામાં આવેલ છે તેમજ સમાન ખનિજની લીઝ માટે ક્લસ્ટર બનાવવાની જોગવાઈમાં પણ મોટા પાયે ફેરફાર કરવામાં આવેલ છે. નામદાર નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલના આદેશોને ધ્યાને લઈ Ministry of Environment, Forest and Climate Change **(MoEF & CC)** દ્વારા તા. ૧૨/૧૨/૨૦૧૮ના ઓફિસ મેમોરેન્ડમ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

સદર ઓફિસ મેમોરેન્ડમ અન્વયે સ્ટેટ લેવલ એક્સ્પર્ટ એપ્રાઇઝલ કમિટી, ગુજરાત દ્વારા ઈ.સી. મેળવવા બાબતે માર્ગદર્શક સૂચનાઓ ધ્યાનમાં રાખી તે અન્વયે પ્રાથમિક જરૂરિયાત મુજબ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા ત્રણ એજન્સીઓને એમ્પેનલ્ડ કરી ગુજરાત રાજ્યના દરેક જિલ્લાઓની લીઝનું જીઓ-રેફેન્સીંગ કરી કો-ઓર્ડિનેટ સાથેના ડિજિટાઈઝડ B1 અને B2 કેટેગરી મુજબ કલસ્ટર નક્શાઓ તૈયાર કરવામાં આવેલ છે.આ અંતર્ગત રાજ્યના તમામ ૩૨ જિલ્લાનાં ગૌણ ખનિજની લીઝના કુલ ૬૬૮ ક્લસ્ટર બનાવવામાં આવેલ છે.

- **'ક્લસ્ટર'ની વ્યાખ્યાઃ**

જ્યારે એક લીઝ વિસ્તારથી સમાન ખનિજ વિસ્તારના બીજા લીઝ વચ્ચેનું અંતર ૫૦૦ મીટર કરતા ઓછું હોય ત્યારે કલસ્ટરની રચના થાય.




**નકશો (૧) : ક્લસ્ટર વિસ્તારના નકશાનો નમૂનો**

● **પર્યાવરણીય મંજૂરી માટેની સંભવિત સમયરેખા અને વિવિધ તબક્કાઓ :**

| **મહત્ત્વપૂર્ણ તબક્કાઓ** | કેટેગરી B2 | કેટેગરી B1 |
|---|---|---|
| ToR મંજૂરી | જરૂર નથી | ૩૦-૪૫ દિવસ |
| - પ્રાથમિક માહિતી રચના (ડેટા જનરેશન) અને<br>- પર્યાવરણ અસર મૂલ્યાંકન (EIA) ની તૈયારી | - પ્રાથમિક અસર મૂલ્યાંકન (EIA) ની જરૂર નથી.<br>- EMPની તૈયારી માટે વધુમાં વધુ ૩૦ દિવસની જરૂર પડી શકે છે | ૧૪૦-૧૬૦ દિવસ (૩ મહિનાનો બેઝલાઈન ડેટા જનરેશન સમયગાળો સામેલ છે) |
| જાહેર સુનાવણી (Public Hearing) | જરૂર નથી | ૬૦-૭૦ દિવસ (ન્યૂનતમ ૩૦ દિવસનો સૂચના-સમયગાળો સામેલ છે) |
| પર્યાવરણ મંજૂરી (ઈ.સી.) | ૩૦-૪૫ દિવસ | ૩૦-૪૫ દિવસ |
| **કુલ અંદાજિત સમયગાળો** | **૩ થી ૪ માસ** | **૯ થી ૧૧ માસ** |

● **B1 કેટેગરીમાં પર્યાવરણીય મંજૂરી મેળવવામાં પડતી વિવિધ મુશ્કેલીઓ :**

પર્યાવરણીય મંજૂરી (ઈ.સી.) મેળવવાની પ્રક્રિયા જટિલ અને ખર્ચાળ હોવાથી, લીઝધારકો ઈ. સી. બાબતે પૂરતી સમજ ધરાવતા ના હોવાથી B1 કેટેગરીમાં EC મેળવવાની પ્રક્રિયામાં Public Hearing, EIA-EMP Study વગેરે જેવા વિવિધ સ્તર હોવાથી ૯ થી ૧૧ માસ જેટલો અંદાજિત સમયગાળો લાગે છે. વધુમાં EC મેળવવાની પ્રક્રિયા NABET એક્રિડિટેડ કન્સલ્ટન્ટ પાસે કરાવવી ફરજિયાત હોઈ, ગુજરાતમાં NABET એક્રિડિટેડ કન્સલ્ટન્ટ ખૂબ જ મર્યાદિત હોવાથી કાર્યભારને પહોંચી શકે તેમ નથી તથા EIA કન્સલ્ટન્ટના કામગીરીના ભાવપત્રકમાં ખૂબ જ મોટો તફાવત હોવાથી લીઝધારકોને નાણાકીય બોજો વધી જાય છે. આથી ઈ.સી. સમયસર ન મળવાથી ખાણકામ ચાલુ થઇ શકતુ નથી. તેથી સફળ બિડર/લીઝધારકને વિવિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને લીઝ સમયસર કાર્યાન્વિત થવામાં વિલંબ થાય છે.

● **ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનર કચેરી દ્વારા પર્યાવરણીય મંજૂરીની પ્રક્રિયા સરળ તથા ઝડપી બનાવવા માટે લેવામાં આવેલ પગલાં:**

હાલના તબક્કે પડતર ઈ.સી. અરજીઓ અને ભવિષ્યમાં ખનિજની માગને પહોંચી વળવા નવી લીઝ કાર્યરત થાય તે આવશ્યક છે. B1 કેટેગરીના ગૌણ ખનિજ માટેના સફળ બિડર/લીઝધારકને પર્યાવરણીય મંજૂરી (ઈ.સી.) મેળવવામાં સરળતા રહે તે હેતુથી ઉચ્ચ કક્ષાએથી નિર્ણય થયા મુજબ ખાણકામ ક્ષેત્રમાં વિકાસ અને સમગ્ર કામગીરીની સરળતા માટે આ સમગ્ર પ્રક્રિયા રાજ્ય સરકારની ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી દ્વારા પહેલ કરી સકારાત્મક અભિગમ અપનાવી જાણકાર અને અનુભવી પ્રોફેશનલ એજન્સી/કન્સલ્ટન્ટને એમ્પેનલ કરવામાં આવેલ છે. આ NABET accredited consultant દ્વારા વધુમાં વધુ પડતર અરજીઓને STATE PORTAL (https://parivesh.nic.in) પર ઓનલાઇન અરજી કરી EIA રિપોર્ટ અને પબ્લિક હિયરિંગ કરાવી અરજદારને ઈ.સી. મળી રહે તેવા હેતુથી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- **સફળ બિડર/લીઝધારકને પર્યાવરણીય મંજૂરી મેળવવા માટે જિલ્લાવાર નિમણૂક કરેલ એજન્સીઓનો વિગતો નીચે મુજબ છે:**

| એજન્સીનું નામ | ફાળવેલ જિલ્લા | એજન્સીને સંપર્ક કરવા માટેની વિગતો |
|---|---|---|
| ઈન્ડિયન માઈન પ્લાનર્સ એન્ડ કન્સલ્ટન્ટ્સ | બનાસકાંઠા<br>કચ્છ પૂર્વ<br>મોરબી | ટી-૧, એ-૩૫, જી.ઈ.એમ.એ., સેક્ટર - ૨૫<br>ગાંધીનગર, ગુજરાત–૩૮૨૦૨૫<br>(મો): ૯૯૦૪૫૧૭૬૮૯, ૭૯૯૦૩૧૪૨૦૩<br>E-MAIL: impcon.kolkata@gmail.com |
| એન્વાયરો રિસોર્સીસ | ભાવનગર, બોટાદ<br>દેવભૂમિ દ્વારકા<br>ગીર-સોમનાથ, જૂનાગઢ<br>પોરબંદર, કચ્છ પશ્ચિમ, પાટણ | પ્લોટ નં. ૬૪૭/૨, સેક્ટર-૩/સી,<br>ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૦૬<br>(મો) નં. : ૯૮૬૭૮૯૮૮૪૪<br>E-MAIL: timir@enviroresources.in |
| એન્વાયરો ઈન્ફ્રા સૉલ્યુશન પ્રાઈવેટ લિમિટેડ | અમરેલી, જામનગર<br>રાજકોટ, સુરેન્દ્રનગર<br>આણંદ, ખેડા | ૮૯/૬, ઉદ્યોગનગર, રડાર રોડ<br>જામનગર–૩૬૧૦૦૪<br>(મો) : ૮૧૪૧૨૫૫૫૩૦<br>E-MAIL: eis.gujarat@gmail.com |
| અલ્ટ્રા-ટેક | અમદાવાદ, અરવલ્લી, દાહોદ, ગાંધીનગર<br>મહીસાગર, મહેસાણા, પંચમહાલ, સાબરકાંઠા<br>ભરૂચ, છોટાઉદેપુર, નવસારી, નર્મદા<br>સુરત, તાપી, વડોદરા, વલસાડ | પ્લોટ નં. ૩૦૫/૨, સેક્ટર-૩/એ ન્યૂ,<br>ઘ-૦૧ પાસે, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૦૬,<br>(મો) ૭૭૭૭૦૬૫૬૭૫<br>E-MAIL: nazhat@ultratech.in |

ઉપરોક્ત એજન્સીઓ દ્વારા પર્યાવરણીય મંજૂરી મેળવવા માટેની ઓનલાઈન અરજી કરી, ToR મેળવી, Environmental Impact Assessment અને Environmental Management Plan (EIA-EMP) સ્ટડી રિપોર્ટ તૈયાર કરવો તથા પબ્લિક હિયરીંગ, પ્રેઝન્ટેશન વગેરે કામગીરી કરવામાં આવે છે.

સફળ બિડર/લીઝધારકને પર્યાવરણીય મંજૂરી સરળતાથી તેમજ એલ.ઓ.આઈ.ની સમયમર્યાદામાં મળી રહે તે હેતુસર એજન્સીઓ દ્વારા અરજી દાખલ કરવાથી લઈને પર્યાવરણીય મંજૂરી મેળવવા સુધીની સમગ્ર કાર્યવાહી જિલ્લા કચેરીના સંકલન સાથે કરવામાં આવે છે.

સદર કામગીરીનો ભાગ બનવા લીઝ/બ્લોકધારકને પર્યાવરણીય મંજૂરી મેળવવા માટે સંબંધિત ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજની જિલ્લા કચેરી અથવા ઉપરોક્ત મુજબની એજન્સીઓને જરૂરી દસ્તાવેજો પૂરા પાડવાના રહે છે, જેથી એજન્સીઓ મારફત વહેલી તકે સફળ બિડર/ લીઝધારકને લીઝ/બ્લોક અન્વયે પર્યાવરણની મંજૂરી મળી શકે.

- **ToRની મંજૂરી અને ECની અરજી માટે અરજદાર દ્વારા નીચે મુજબના દસ્તાવેજો રજૂ કરવા જરૂરી છે:**
  - માઈનિંગ બ્લોક સાઈટનું નામ
  - સ્થાન/જગ્યા
  - માઈનિંગ બ્લોકનો વિસ્તાર (હેક્ટર)
  - ઈરાદા પત્ર/માન્ય લીઝના દસ્તાવેજ
  - માઈનિંગ બ્લોકની ક્ષમતા (TPA)
  - ડી.એલ.આઈ.આર. નો નકશો
  - માઈનિંગ લીઝનો સમયગાળો
  - યોજનાની અપેક્ષિત કિંમત
  - નજીકના માનવ વસવાટથી અંતર
  - નજીકના જળસ્રોતથી અંતર
  - પ્રી-ફિઝીબિલિટી અહેવાલ
  - મંજૂર માઈનિંગ પ્લાન
  - જીલ્લા ભૂસ્તરશાસ્ત્રી દ્વારા માન્ય યોજનાની વિગતો

ઉપરોક્ત પહેલમાં મહત્તમ સફળ બ્લોકધારકો/લીઝધારકો દ્વારા લાભ લઈ પર્યાવરણીય મંજૂરી મેળવી લીઝ ઝડપથી કાર્યાન્વિત થાય અને ખાણકામ ક્ષેત્રમાં સમગ્રપણે વિકાસ થાય તેવો અભિગમ રાજ્ય સરકાર દ્વારા અપનાવવામાં આવ્યો છે. ■

## ગ્લાસ મેન્યુફેક્ચરિંગ ઇન્ડસ્ટ્રીઝમાં ડોલોમાઈટ ખનિજની આવશ્યકતા

**વિઠ્ઠલભાઈ પટેલ, સેક્રેટરી, છોટાઉદેપુર મિનરલ મર્ચન્ટ એસોસિયેશન**
**મો.: ૯૪૨૬૫ ૯૧૩૬૫**

ગુજરાત રાજ્યના છોટાઉદેપુર જિલ્લામાં ડોલોમાઈટ ખનિજનો મોટા પ્રમાણમાં અનામત જથ્થો આવેલો છે. છોટાઉદેપુરનો ડોલોમાઈટ પેટેન્ડ, પ્લાસ્ટિક, રબર, ફર્ટિલાઇઝર વગેરે ઇન્ડસ્ટ્રીઝમાં રોમટીરિયલ અને ફિલર તરીકે વપરાય છે, પરંતુ ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝમાં ડોલોમાઈટ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

ડોલોમાઈટ ખનિજ ડબલ કાર્બોનેટ છે. ડોલોમાઈટ ખનિજ કેલ્શિયમ અને મેગ્નેશિયમ કાર્બોનેટ ($CaCo_3$, $Mgco_3$) નું સંયોજન છે.

ગ્લાસ ઉદ્યોગમાં લો આયર્ન અને સિલિકાવાળા ડોલોમાઈટ ખનિજનો ઉપયોગ થાય છે. ફ્લોટ ગ્લાસ તેમજ કલર ગ્લાસ એમ બંને ગ્લાસ ઉદ્યોગમાં ગ્લાસ ગ્રેડ ડોલોમાઈટ ખનિજનો ઉપયોગ થાય છે.

ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝમાં મેન્યુફેક્ચરિંગ પ્રોસેસમાં મેલ્ટિંગ ટેમ્પરેચર નીચું લાવવા માટે ડોલોમાઈટ મુખ્ય ભૂમિકા અદા કરે છે, જેના કારણે મેન્યુફેક્ચરિંગ પ્રોસેસમાં બળતણનો વપરાશ ઓછો કરવામાં મદદ થાય છે.

વડોદરા જિલ્લાની નજીકમાં ઘણી બધી ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ આવેલી છે, જેમાં

1. Gujarat Guardian Ltd – Ankleshwar
2. HNG Glass – Halol
3. Heldin Glass – Manjusar
4. Saint Gobain Glass – Jhagadiya
5. Pyramid Glass Company – Kosamba
6. Philips Glass India Ltd – Kural Village
7. CG Glass Limited – Podara

તેમજ ઘણા નાના ગ્લાસ ઉદ્યોગો પણ ગુજરાતમાં આવેલા છે.

ગુજરાત બહાર અન્ય રાજ્ય, જેમ કે મહારાષ્ટ્રમાં પણ ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ આવેલી છે અને એમાં પણ છોટાઉદેપુરથી ગ્લાસ ગ્રેડ ડોલોમાઈટ સપ્લાય થાય છે.



## CSIR-Central Glass & Ceramic Research Institute

**196, Raja S.C. Mullick Road, Kolkata – 700 032, West Bengal, India**
**EPABX:** +91 33 2473 3469/76/77/96
+91 33 24837340/41/42/43/44/45/46/49/50 (Extension)
**Fax/E-mail:**
Director's Office: +91 33 2473 0957/dir_office@cgcri.res.in
Testing & Characterization Cell: +91 33 24837339 / testing_cell@cgcri.res.in

**Ahmedabad Contact details:**
**68/169, G I D C, Naroda Industrial Estate, G I D C, Ahmedabad, Gujarat-382330**
Senior Principal Scientist & Scientist In-charge
**Phone:** +91 79 2281 1213/2282 3345 Fax: +91 79 2282 2052
**E-mail:** siccgcrinc@cgcri.res.in,

Schedue of Testing charges are available at their
Website **"cgcri.res.in"**

# Glass Manufacturers in Gujarat

| Sr. No. | Name & Address | Telephone No. | E-mail ID | Products |
|---|---|---|---|---|
| 1 | **Gujarat Glass Ltd**<br>Nicholas Piramal Tower, Inside Peninsula Corporate Park, Ganpatrao Kadam Marg, Lower Patel, Mumbai-400013 | 022-30466969 | vshah@pel.co.in | Glass bottles & jars for nail polish, perfumes, foundation of 2 ml to 2500 ml. |
| 2 | **Pragati Glass Pvt Ltd**<br>ONGC Road, Kharach-394120 Kosamba | 02646-2270516<br>02646-227-517 | info@pragatiglass.com | Flint glass bottles<br>Flint glass tumblers |
| 3 | **Gujarat Guardian Ltd**<br>State Highway 13, Village Kondh, Valia road, Ankleshwar-393001 | 02643-275106 | ngaru@guardian.com | Clear & Tinted Float glass & mirrors |
| 4 | **Gujarat Borosil Ltd**<br>Khanna Construction House, 44, Dr. R.G. Thadani Marg, Worli, Mumbai-400018 | 022-24930362<br>022-24930366 | gujaratborosil@mtnl.net.in | Clear Sheet Glass 3 mm to 12 mm size, Borosilicate clear glass, Indl & lighting products, consumerware |
| 5 | **Schott Glass India Pvt Ltd**<br>2nd floor, Sidcup Tower, Race Course, Baroda-390007 | 0265-2334391 | Pti-baroda@schott.com | Neutral glass tubes – clear & amber |
| 6 | **Videocon Industries Ltd**<br>Videocon Narmada Glass Village Chavaj, Dist: Bharuch-392002 | 02642-240803 | vng@videoconglass.com | Glass shell for colour picture tube (Panel & Funnel) |



## શ્રદ્ધાંજલી



**સ્વ. શ્રી ચંદ્રેશભાઈ પરીખ**
**સ્વ. તા. ૯-૬-૨૦૨૧**

શ્રી ચંદ્રેશભાઈ પરીખ કે જેઓ મે. ૨૦ માઈક્રોન્સ લીમીટેડ, વડોદરા ના સ્થાપક તથા ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશનના સક્રિય કોર્પોરેટ સભ્ય રહેલ. તેઓએ સખત પુરુષાર્થ અને ધગશ થી ઊભું કરેલ ખનિજ પ્રોસેસિંગ યુનિટ રાજ્યમાં આગવું સ્થાન ધરાવે છે. તેઓશ્રીના અચાનક અવસાનથી ખનિજ ઉદ્યોગે સફળ ઉદ્યોગકાર ગુમાવેલ છે. તેઓની ખોટ હંમેશા વણપુરાયેલ રહેશે. ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન દુઃખ અને ઊંડા શોકની લાગણી અનુભવે છે. ઈશ્વર તેઓના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

# Report on Webinar 30.03.2021 Bhavnagar Local Centre (MEAI, Ahmedabad Chapter)

**MEA – Ahmedabad Chapter Activity**

A Webinar on ***"Recent Changes in Laws Related to Mining"*** was organized by the Bhavnagar Local Centre under the aegis of MEAI, Ahmedabad Chapter on 30.03.2021 (Tuesday).

MEAI members along with the senior officials of GMDC Ltd., GHCL, GPCL and contractors attended the Webinar. Around 30 delegates joined the webinar.

**Inaugural Session:** The webinar commenced with the inaugural session. (10:45 AM to 11:25 AM)

The welcome speech was given by Shri N. Pareek, Convener of Bhavnagar Local Centre. He welcomed all the participants of the webinar and briefed various changes in recent laws. He shared very important information over the recent changes in The Occupational Safety, Health and Working Conditions Code, 2020, MMDR Amendment Act, 2021, EIA Notification 2020 (Draft) etc.

Shri A.K. Garg, Chairman of the MEAI, Ahmedabad Chapter, extended his best wishes to the Local Centre for organizing webinar. During his speech he also emphasized the relevance of the Topic of Webinar.

Shri Dhananjay Kumar, Elected Council Member MEAI addressed the participants with elaborative information on MMDR Act-2021, Mine Plan and Mine Closure Plan guidelines.

Shri S.N. Mathur VP-II MEAI was unable to attend the webinar, but he has extended his best wishes to Bhavnagar Local Centre for the success of Webinar.

All the dignitaries expressed their views on recent changes in Mining Laws. After conclusion of inaugural session the next session of paper presentation commenssed.

**Paper Presentation: (11:25 AM to 12:20 PM)**

Three Papers were presented by the members from GMDC Ltd. & GHCL.

1. First paper was presented by Shri Sanjay Mathur; Dy. GM (Mines) GMDC Ltd. on **"Recent changes in laws related to mining"**. He has shared very good information over **National Mineral Policy, 2019** with its objectives, key features & impacts. He also highlighted on **"The occupational safety, health and working conditions code, 2020"**, Its Features, General provisions and Specific provisions related to the Mines. Shri Sanjay Mathur also shared the important changes in **"The Mines and Minerals (development and regulation) amendment act, 2021"** which is published in the gazette notification on 28.3.2021.

2. Shri Anil Wandker, Manager, GHCL Ltd. presented a paper on **"New Guideline for Preparation of Mining Plan for the Coal and Lignite Block"**. He highlighted the key features of new Guideline, the procedure for preparation of Mine Plan & Mine Closure Plan & its online submission etc.

3. Ms. Gunjan Pande, A.M (Env), GMDC Ltd. presented a paper on **"Draft EIA Notification, 2020"** and summarized the key highlights of the Notification, regarding the stages of Prior EC/Prior EP, role of Project Proponent etc. She has also shared the points as mentioned in the Draft Notification, the suggested changes by Ministry with special emphasis to Mining Industry.

This session was concluded by Shri Pareek, General Manger (P) Bhavnagar & Convener of Bhavnagar Local Centre. He invited the Suggestions, views, queries from the participants. A very good response was received from the Audience.

Shri R.K. Dash, General Manager (P) Umarsar Mines GMDC & Convener of South Gujarat Local Centre of MEAI extended his best wishes to Bhavnagar Local Centre for organizing webinar on such a relevant topic. He individually congratulated the speakers for bringing out such information in the Domain.

The Webinar was moderated by Ms. Gunjan Pande, A.M. (Env.), GMDC Ltd. Shri Sanjay Mathur, DGM, Mines & Secretary Bhavnagar Local Centre concluded the program with the view that the recent Changes in Laws are made after a long span of time & the changes are made for Ease of Mining, Transparency in laws/Policies, Bringing more effective mining policies, Balanced social & economic growth, Promoting Mining Business & for sustainable development in mining. He extended Vote of Thanks to all the participants of the Webinar.

Secretary, MEAI Bhavnagar, Local Centre
Convener, MEAI Bhavnagar, Local Centre


RAGHUVANSHI
REFRACTORIES
WE DON'T WANT TO BE BIG
BUT WE WANT TO BE THE BEST
ISR | DEC 2020
High Alumina Mortar
Conventional Castable
Low cement Castable
Insulating Castable
High Alumina Conventional Castable
RAGHUVANSHI REFRACTORIES
MFG. REFRACTORY CASTABLES AND MORTAR
Registered Office: Shree Chambers, 3rd Floor Opp. M. E. M School, Porbandar-360575, Gujarat, India
Ph. +91 98252 31055 | www.raghuvanshirefractories.com

## શ્રદ્ધાંજલી






### સ્વ. શ્રી જે. વી. ભટ્ટ

જન્મ તા.: ૧.૧.૧૯૪૧ ● સ્વ. તા.: ૨૦.૪.૨૦૨૧

શ્રી જે. વી. ભટ્ટ એમ.એસ.સી. (જીઓલોજી) માં ઉચ્ચ સ્નાતક ની પદવી મેળવ્યા બાદ વર્ષ ૧૯૭૦ માં ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતામાં નિમણૂક થયેલ. તેઓ ખાતાની પબ્લિકેશન શાખા (મિનરલ વેલ્થ) ના ઈન-ચાર્જ હતા. તેઓશ્રીએ ખાતાની વિવિધ શાખામાં સેવાઓ આપેલ. તેમની પ્રતિનિયુક્તિથી ઈન્ડસ્ટ્રીયલ એક્સટેન્શન બ્યૂરોમાં નિમણુંક થતાં ઈન્ડેક્ષ-બી માં વર્ષો સુધી સેવાઓ આપેલ. ત્યાર બાદ તેઓ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતામાં અધિક નિયામક તરીકે સેવાઓ આપી નિવૃત થયા બાદ "ભુવનેશ્વરી મિનરલ કન્સલ્ટન્સી" નામથી ખનિજ ક્ષેત્રમાં ટેકનિકલ (તાંત્રિક) સેવાઓ આપવા માટેની પ્રવૃતિ શરૂ કરેલ. શ્રી ભટ્ટ ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન, ફીમી, તથા માઈનિંગ એન્જીનીયર એસોસિએશન, અમદાવાદ ચેપ્ટર સાથે સક્રિય રીતે સંકળાયેલ હતા. આ સંસ્થાઓ દ્વારા તેમજ અંતરાષ્ટ્રીય ક્ષેત્રે યોજવામાં આવતી વિવિધ કોન્ફરન્સમાં તેમના તાંત્રિક પેપરોની હમેંશા રજૂઆત રહેતી. ગુજરાતમાં નેનો કલેના વિકાસમાં તેમનો અમુલ્ય ફાળો રહેલ. ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન દ્વારા પ્રકાશિત થતી ખનિજ પત્રિકાના તંત્રી તરીકે માનદ સેવાઓ પણ આપેલ હતી. શ્રી ભટ્ટ સાહેબના અચાનક અવસાનથી ઉંડા શોકની લાગણી અનુભવીએ છીએ. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

## શ્રદ્ધાંજલી





### સ્વ. શ્રી વી. જી. મલકાન

સ્વ. તા.: ૨૯.૪.૨૦૨૧

શ્રી વી. જી. મલકાને અકાર્બોનિક રસાયણ વિજ્ઞાનમાં ઉચ્ચ સ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા પછી સારાભાઈ કેમિકલ્સ લિમિટેડના સારાભાઈ ગ્લાસ ફેક્ટરી વિભાગમાં જોડાયા હતા. ગ્લાસ યુનિટના ગુણવત્તા નિયંત્રણનો હવાલો તેમણે ઘણા વર્ષો સુધી સંભાળી તેમની સેવાઓ આપેલ હતી. ત્યારબાદ ગુજરાત જાહેર સેવા મંડળ દ્વારા ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતામાં કેમીસ્ટ (વર્ગ-૧) ની જગ્યા ભરવા માટેની જાહેરાત અન્વયે તેઓને આકર્ષક પગાર ધોરણ સરકારશ્રીએ આપી કેમીસ્ટની પોસ્ટ માટે પસંદ કરવામાં આવેલા હતા. તેઓ આ ખાતામાં કેમીસ્ટ (વર્ગ-૧) ની જગ્યાએ દાખલ થયા. તેઓએ સખત મહેનત કરીને ખાતાની પ્રયોગશાળામાં પરીક્ષણ પધ્ધતિમાં ખુબજ નવા ફેરફારો લાવ્યા. તેઓ દ્વારા લેબોરટરીને પૂર્ણપ્રયોગશાળામાં વિકસાવી વિવિધ ખનિજો જેવાકે લાઈમસ્ટોન, ચાઈનાક્લે અને બેંન્ટોનાઈટ ખનિજોની ચકાસણીની પ્રક્રિયા માટે જવાબદાર તેવી ભારત સરકારશ્રીની આઈ.એસ.આઈ. ની પેટા કમિટીમાં રજૂઆત કરી. તેઓ દ્વારા લિગ્નાઈટ ખનિજના ટેસ્ટીંગ માટે સંપૂર્ણ કાર્યરત લેબોરેટરીનો વિકાસ પણ કરેલ. તેઓ ખુબજ ગતિશીલ અને પરિણામલક્ષી વ્યક્તિ હતા અને હમેશાં નવા વિકાસનો દૃષ્ટિકોણ ધરાવતા હતા. તેઓ ચીફ કેમીસ્ટ તરીકે નિવૃત થયા બાદ ખનિજ પ્રક્રિયા કરતી ખાનગી પેઢીઓના સલાહકાર તરીકે સેવાઓ આપેલ. છેલ્લે તેઓએ ચાઈનાક્લે કેલ્સીનેશનનો વિશાળ પ્લાન્ટ ધરાવતી મે. એચ. ડી. માઈક્રોન્સ લી. ભુજ (કચ્છ) સાથે જોડાયેલ હતા.

શ્રી મલ્કાન સાહેબના અચાનક અવસાનથી ઉંડા શોકની લાગણી અનુભવીએ છીએ. ઈશ્વર તેઓના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.


TATA
SHUDH
CEMENT
પ્રસ્તુત છે
તાતા શુદ્ધ સિમેન્ટ ઓ.પી.સી.- 53
SUPERIOR 1
DAY STRENGTH
અમે નવા છીએ,
અમે બહેતર છીએ
અને અમે ભરોસાપાત્ર છીએ.
IS : 269
CM/L NO. 7068877
TATA
SHUDH
CEMENT
ORDINARY
PORTLAND
CEMENT
53
GRADE
TATA CHEMICALS LIMITED
(AN ISO 9001:2000 COMPANY)
Net Weight 50kg
M.R.P. Rs.
(Inclusive of all taxes)

# HD Microns Limited
Mines Owner & Minerals Processor

# China Clay / Kaolin

*Hydrous Kaolin - Calcined Kaolin*
*Spray Dried Kaolin - Meta Kaolin*

## Mineral that Enrich your Product Value

Paper | Paint | Fiber Glass
Plastic | Rubber | Ceramics

- Ultra Modern Manufacturing Unit.
- Under One Roof Hydrous - Spray Dried - Calcine China Clay.
- Highly Superior Products as a result of advance R & D Facility.

## Your Product is our testimony

Head Office
HD House, Pooja "A",
Above ICICI Bank Limited,
Bhuj-Kutch 370001. Gujarat-India
Phone : +91 2832 251135/251071
Fax : +91 2832 224518/250937
E-mail : lead@hdmicrons.com

Ahmedabad Office
225-227, Platinum Plaza,
Judges Bunglow Road, Bodakdev,
Ahmedabad 380054. Gujarat-India
Phone : +91 79 26858937
+91 79 40035941
Fax : +91 79 40035941

www.hdmicrons.com

COMPLETE RANGE OF
KAOLIN CLAY

A GROUP COMPANY OF SHREE RAM MINERALS
ESTD 1977

SHREE RAM MINERALS
Kaolin solution for any product...
An ISO 9001-2015 Certified Company

LEADING Mines Owner &
Manufacturer of Super Quality
KAOLIN Products.

CALCINED KAOLIN
HYDROUS KAOLIN CLAY
REFRACTORY KAOLIN
SILICA SAND

Contact :
99252 33480 I 98255 04824
Ph. 02832-240882
Email : info@shreeramminerals.com
Web : www.shreeramminerals.com

Corporate Office :
GIDC Area, Post-Madhapar-370020
Ta- Bhuj(Kutch) Guj. (India)

Book-Post

To,

ESTD. 1962

From:

**GUJMIN INDUSTRY ASSOCIATION**

Reg. No. GUJ/15299/AHMEDABAD, UNDER SOCIETY ACT, 1860

2nd Floor, Marble & Mineral Chambers, B/h D.K. House,
Mithakhali, Ahmedabad-380006 (Gujarat). **Tel:** 079-26427047
**E-mail:** gujmin@gmail.com | **Website:** www.gujaratmineral.org

www.printvision.in